# કસ્ટમર રિલેશનશીપ મેનેજર

રિલેશનશિપ મેનેજર્સ ગ્રાહકને સંભાળવા માટે તેમજ તેની સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવા માટે ગ્રાહકને સેવાઓ પુરી પાડવાની કામગીરી કરે છે. રિલેશનશિપ મેનેજર એ બેંકના એક સંપર્ક બિંદુ તરીકે ગ્રાહકની સમગ્ર બેંકિંગ અને નાણાકીય જરૂરિયાતોનું સંચાલન કરવા માટે જવાબદાર હોય છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે કુશળ સંવાદકર્તા છો તથા તમામ પ્રકારના લોકો સાથે સરળતાથી વાત કરી શકો છો
- તમને લોકોને સમજાવવાનું ગમે છે
- તમે લોકોને તેમની સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરવાનું પસંદ કરો છો
- તમે સાવચેત અને સુયોજીત વ્યક્તિ છો



ફી

એમ.બી.એ. માટેની સરેરાશ કોર્સ ફી આશરે **રૂ. ૨૦,૦૦૦ થી ૪૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત).

૨. એકાઉન્ટિંગ / એકાઉન્ટન્સી / બેંકિંગ અને ફાઇનાન્સ / ટેક્સેશન અને ફાઇનાન્સ / એકાઉન્ટ્સ અને ફાઇનાન્સમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

**અથવા**

સ્નાતકની પદવી પ્રાપ્ત કર્યા બાદ સમાન અથવા સંલગ્ન ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી મેળવો (એમ.બી.એ.ને પ્રાધાન્ય આપો).

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કસ્ટમર રિલેશનશીપ મેનેજરનો માસિક પગાર આશરે દર મહિને **રૂ. ૧૯,૦૦૦ થી ૭૬,૨૫૦*** જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Relationship_Manager/Salary?loggedIn

NCS Code: 3322.1101 BFSI17

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બેંકો, વેલ્થ મેનેજમેન્ટ ફર્મ્સ, વીમા કંપનીઓ અને રિટેલ વ્યાપાર વગેરે

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમે તમારા ગ્રાહકો સાથે મીટીંગ કરવા માટે સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો એક ભાગ છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ દરરોજ ૮ થી ૯ કલાક કામ કરી શકો છો. સંસ્થા મુજબ તે બદલાઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે

## અપેક્ષિત પ્રગતિ પથ

રિલેશનશિપ મેનેજર → બ્રાન્ચ મેનેજર → ડિસ્ટ્રિક્ટ મેનેજર → રિજનલ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

રિલેશનશિપ મેનેજર, ક્લાયંટ રિલેશનશિપ મેનેજર, કસ્ટમર રિલેશનશિપ મેનેજર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ કોર્સ ડિપાર્ટમેન્ટ ઓફ ફાયનાન્સ/બેંકિંગ/બિઝનેસ એનાલિસિસ દ્વારા ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ
૨. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોર
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કલકત્તા
૪. ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ, કોઝિકોડ
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, ઈન્દોર
૬. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, લખનૌ
૭. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, દિલ્હી યુનિવર્સિટી
૮. એમ.એસ.યુ., વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ (એમ.ડી.આઈ.), ગુડગાંવ
૩. એસ.પી.જે.આઈ.એમ.આર., મુંબઈ
૪. ટી. એ. પાઇ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, મણિપાલ
૫. ગ્રેટ લેક્સ ચેન્નાઈ - ગ્રેટ લેક્સ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ
૬. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૭. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૮. ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ ટેકનોલોજી, ગાઝિયાબાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**સ્વાતિ ગાંધી** એક્સિસ બેંકમાં રિલેશનશિપ મેનેજર (આર.એમ.) છે. તેણી ફાઇનાન્સમાં એમ.બી.એ. પૂર્ણ કર્યા પછી બેંકમાં જોડાઈ અને એન.આર.આઈ. આર.એમ. તરીકે શરૂઆત કરવાની સાથે સાથે વિદેશી મુદ્રાઓના સંચાલનને લગતી કામગીરી પણ સંભાળી છે.*

સ્રોત: https://www.hindustantimes.com/education/skills-for-being-a-relationship-manager/story-I79UQxyCztZA8ADvMttdKL.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.